શ્રી

સમાજ સુરક્ષા ખાતા હેઠળની યોજનાઓ માટે MIS Software બનાવવા માટે રૂ.૨૦૦.૦૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦/૨૦૧૯/૩૩૨૧૭૫/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૯/૦૯/૨૦૧૯.

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૦૩/૦૮/૨૦૧૯નો પત્ર ક્રમાંક: સસુખા/યજન/નવી-બાબત/૨૦૧૯-૨૦/૩૧૧.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૨૫/૦૬/૨૦૧૯નો પત્ર ક્રમાંક: સસુખા/હસબ/૧૯-૨૦/૨૧૨.

આમુખ:-

સમાજ સુરક્ષા ખાતા હેઠળની યોજનાઓનુ ઓનલાઇન મોનિટરીંગ કરવા અને લાભાર્થીઓને વિવિધ યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તે માટે નવા Management Information System (MIS) Software ની જરૂરીયાત રહે છે. સમાજ સુરક્ષાની કચેરી ખાતે હાલ Non-Governmental Organization MIS Software, Prosthetic AIDS & Appliances Web Application, Revamping of Existing PHID (Bus pass) Application એમ કુલ ત્રણ MIS Software માટે IT Committeeની મંજૂરી મળેલ છે અને તેની કામગીરીની શરૂઆત કરેલ છે.

ઉક્ત હેતુઓ ઉપરાંત સ્પોન્સરશિપ એન્ડ ફોસ્ટર કેર એપ્રુવલ સમિતિ (SFCAC), દિવ્યાંગોના વિષયોને લગતી સમિતિઓ, બાળલગ્નને લગતાં વિષયો,

ધ પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ તથા તેને લગતા વિષયો, મહેકમ અને કાયદાલક્ષી, પાલક માતા-પિતા યોજના તથા સમાજ સુરક્ષા ખાતા હેઠળની અન્ય યોજનાઓ તથા વિષયો માટે વધારાના MIS Software ની જરૂર હોઇ વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં મંજૂર થયેલ રૂ.૨૦૦.૦૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા વંચાણે લીધેલા ક્રમાંકઃ (૧) અને (૨)ની નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંકઃ (૧) અને (૨)ના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને સમાજ સુરક્ષા ખાતાની યોજનાઓ તથા ખાતા હેઠળના વિષયોના ઓનલાઇન મોનિટરીંગ માટે MIS Software બનાવવા માટે વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં મંજૂર થયેલા રૂ.૨૦૦.૦૦ લાખનો ખર્ચ કરવાની આથી નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતોઃ-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(3) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું

(૭) આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ અને જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

સમાજ સુરક્ષા ખાતા માટે MIS Software બનાવવા અંગેનો ખર્ચ માંગણી નં.૯૨, મુ.સ.-૨૨૫૧-૦૦-૮૦૦-૦૧ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૩/૦૮/૨૦૧૯ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જી. બી. વણઝારા )
સેક્શન અધિકારી.
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અધિ. વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી, (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય ગાંધીનગર.

- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં. ૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- સર્વે કલેક્ટરશ્રીઓ. (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે ડિસ્ટ્રિક્ટ ચાઇલ્ડ પ્રોટેક્શન યુનિટ (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઈલ.